ઝકાત કોના પર ફર્ઝ (અનિવાર્ય) છે ?

પ્રત્યેક મુસલમાન, સમજદાર અને પુખ્ત, સ્વતંત્ર પર ઝકાત ફર્ઝ છે, શરત એ છે કે તેના પાસે એવી ધન-સંપત્તિ હોય, જેના પર ઝકાત ફર્ઝ થાય છે અને તે ધન-સંપત્તિ પર એક વર્ષ પસાર થઈ ગયું હોય. જે ધન-સંપત્તિની ઝકાત અદા કરવી આવશ્યક છે, તેમાં નીચેની શરતો હોવી જરૂરી છે :

૧. તે ધન-સંપત્તિ પર સંપૂર્ણ માલિકી હક્ક હોવો જોઈએ.

૨. તે ધન-સંપત્તિ નામ પર હોય.

૩. નિસાબ જેટલી હોય.

૪. વ્યક્તિની જરૂરિયાત કરતાં વધારે હોય.

૫. એક વર્ષ વીતી ચૂક્યું હોય.

૬. ધન-સંપત્તિના માલિક પર કરજ ન હોય.

બાળકની ધન-સંપત્તિ પર ઝકાત :

નાના બાળકની ધન-સંપત્તિ જો નિસાબ જેટલી હોય તો તેની ઝકાત કાઢવી જોઈએ. ઝકાતનો નિસાબ આ પ્રમાણે છે : સોનાનો નિસાબ વીસ દીનાર, અર્થાત્ સાડા સાત તોલા સોનું, જે આશરે ૮૫ ગ્રામ થાય છે; અને ચાંદીનો નિસાબ બસો દિરહમ, અર્થાત્ સાડા બાવન તોલા ચાંદી છે. આ બંનેનું ઝકાતનું પ્રમાણ અઢી ટકા છે, અર્થાત્ ચાળીસમો ભાગ. સોના-ચાંદીની ઝકાત અદા ન કરવા વિશે અલ્લાહ તઆલાએ પીડાદાયક અઝાબની ચેતવણી આપી છે. આ વિશે ફરમાવ્યું :

﴿وَٱلَّذِينَ يَكۡنِزُونَ ٱلذَّهَبَ وَٱلۡفِضَّةَ وَلَا يُنفِقُونَهَا فِي سَبِيلِ ٱللَّهِ فَبَشِّرۡهُم بِعَذَابٍ
أَلِيمٖ ٣٤ يَوۡمَ يُحۡمَىٰ عَلَيۡهَا فِي نَارِ جَهَنَّمَ فَتُكۡوَىٰ بِهَا جِبَاهُهُمۡ وَجُنُوبُهُمۡ وَظُهُورُهُمۡۖ هَٰذَا
مَا كَنَزۡتُمۡ لِأَنفُسِكُمۡ فَذُوقُواْ مَا كُنتُمۡ تَكۡنِزُونَ ٣٥﴾ التوبة: ٣٤ - ٣٥

અનુવાદ : ‘‘પીડાદાયક સજાની ખુશખબર આપો એ લોકોને, જેઓ સોનું અને ચાંદી જમા કરીને રાખે છે અને તેને અલ્લાહના માર્ગમાં ખર્ચ નથી કરતા. એક દિવસ આવશે કે આ જ સોના-ચાંદી પર જહન્નમની આગને ભડકાવવામાં આવશે અને પછી આનાથી જ એ લોકોના કપાળ અને પડખાઓ અને પીઠોને ડામવામાં આવશે. આ છે એ ખજાનો, જે તમે પોતાના માટે જમા કર્યો હતો ! લો, હવે પોતાની સમટીને રાખેલી દોલતની મજા ચાખો !’’ (સૂરઃ તૌબા, આ.૩૪-૩૫)

ઘરેણાઓની ઝકાત :

સ્ત્રીઓના દાગીના અને ઘરેણાઓ, જેનો ઉપયોગ તેઓ પોતાની રોજિંદી જરૂરતો, એટલે કે સાજ-શણગાર માટે કરે છે તેના પર ઝકાત નથી. અલબત્ત, એ ઘરેણાઓ પર ઝકાત છે, જે વેપાર કે ધનમાં વધારા માટે બનાવવામાં આવ્યા હોય. એ જ પ્રમાણે પુરુષ જો સોનાનો ઉપયોગ સાજ-શણગાર માટે કરે છે, જો કે આ તેમના માટે હરામ છે, તો તેના પર ઝકાત વાજિબ છે.

ચલણી નોટો અને સિક્કાઓના સ્વરૂપમાં રોકડની ઝકાત :

ચલણી નોટો અને સિક્કાઓના સ્વરૂપમાં રોકડનું પ્રમાણ સોના અને ચાંદી મુજબ થશે. તેની ઝકાત સોના અને ચાંદીની ઝકાતના નિયમોથી કાઢવામાં આવશે. અર્થાત્, જો આ નોટો અને સિક્કાઓથી એટલું સોનું અને ચાંદી ખરીદી શકાતું હોય, જેના પર ઝકાત વાજિબ થઈ જાય છે, તો અઢી ટકા ઝકાત તેના પર વાજિબ થશે.

વેપાર પર ઝકાત :

અમીરુલ મુ'મિનીન હઝરત ઉમર ફારૂક ﷺ એક વાર બજારમાંથી પસાર થયા. એક વેપારી જે ચામડું અને વાસણો વેચી રહ્યો હતો, તેના પાસે ગયા અને ફરમાવ્યું કે પોતાના માલની ઝકાત અદા કરો. તેણે કહ્યું કે હે અમીરુલ મુ'મિનીન ! આ તો ચામડું છે. તેની શું ઝકાત ? તેમણે ફરમાવ્યું કે તેની કિંમત લગાવો અને પછી તેના પર ઝકાત કાઢો. (અહમદ,દારે કુત્ની, બયહકી) એક વેપારીના વેપારના માલ-સામાનની ઝકાતનું સ્વરૂપ એ હશે કે તે વર્ષના અંતે પોતાના તમામ માલ-સામાનની કિંમતનું અનુમાન લગાવે, જો કુલ રકમ નિસાબના પ્રમાણ સુધી પહોંચી જાય, તો અઢી ટકાના હિસાબથી ઝકાત કાઢે. આના માટે શરતો નીચે મુજબ છે :

૧. તમામ માલ-સામાનની કિંમત સોના-ચાંદીના નિસાબના પ્રમાણમાં હોય.

૨. માલિકીના માલ-સામાન પર એક સંપૂર્ણ વર્ષ વીતી ગયું હોય.

૩. તમામ માલ-સામાન વેપારના હેતુથી હોય, ન કે તેને અંગત ઉપયોગ કે બિન-વેપારી હેતુસર ખરીદવામાં આવ્યો હોય.

૪. બધા માલ-સામાનનો તે માલિક હોય.

અનાજ અને ફળોની ઝકાત :

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

﴿ يَـٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓا۟ أَنفِقُوا۟ مِن طَيِّبَـٰتِ مَا كَسَبْتُمْ وَمِمَّآ أَخْرَجْنَا لَكُم مِّنَ ٱلْأَرْضِ ﴿٢٦٧﴾ ﴾ البقرة: ٢٦٧

અનુવાદ : ''હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જે માલ તમે કમાવ્યો છે અને જે કંઈ અમે જમીનમાંથી તમારા

www.uzairfalahi.com

માટે કાઢ્યો છે, તેમાંથી ઉત્તમ ભાગ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો.'' (સૂર: બકરહ, આ.૨૬૭)

બીજી જગ્યાએ ફરમાવ્યું :

﴿ وَءَاتُوا۟ حَقَّهُۥ يَوْمَ حَصَادِهِۦ ﴾ الأنعام: ١٤١

અનુવાદ : ''અને અલ્લાહનો હક્ક અદા કરો, જ્યારે તેની લણણી કરો.'' (સૂર: અન્આમ, આ.૧૪૧)

ઈમામ અબૂ હનીફા ﷫ ના મતે જમીનની દરેક ઉપજ પર ઝકાત આવશ્યક છે, શરત એ છે કે તેની ખેતીથી જમીનને વધારે ખેતીલાયક બનાવવાનો હેતુ હોય. તે રીતે જોતાં ઈંધણ માટે ઉપયોગમાં આવતા લાકડાં, વાંસ, ઘાસચારો અને ફળ ન આપનારા વૃક્ષો અપવાદરૂપ છે. ઈમામ શાફઈ ﷫ અને ઈમામ માલિકનો મત એ છે કે દરેક એ વસ્તુમાં ઝકાત વાજિબ છે, જેનો વજન કરી શકાય અને ખાદ્યના રૂપમાં સંગ્રહ કરી શકાય. જ્યારે કે ઈમામ અહમદ બિન હમ્બલ ﷫ નો મત એ છે કે ચાહે ખોરાકના રૂપમાં હોય કે ન હોય, તેના પર ઝકાત વાજિબ છે. ખલીફા અબ્બાસી અલ-હાદીએ જ્યારે શાકભાજીઓ પર ઝકાત જરૂરી ઠેરવી તો ઈમામ અબૂ હનીફા ﷫ એ અભિપ્રાય આપ્યો કે આ ફકીરો માટે વધારે લાભપ્રદ અને ઉત્તમ છે.

અનાજ અને ફળોની ઝકાતનો નિસાબ :

અનાજ અને ફળોનું પ્રમાણ જ્યારે પાંચ (૫) વસક (૪ મણ) થઈ જાય, તો તેમાં ઝકાત વાજિબ થઈ જાય છે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું કે પાંચ વસકથી ઓછા પર ઝકાત નથી. (મોટાભાગના હદીસવેત્તાઓ)

ઝકાતનો દર :

ખેતપેદાશોમાં જમીનોને ધ્યાનમાં લઈને અલગ-અલગ દર છે. એ ઉપજ જે કુદરતી સાધનોથી સિંચિત થાય તેમાં ઉશ્ર (દસમો ભાગ) છે અને કૃત્રિમ સાધનોથી સિંચાઈ દ્વારા થાય તેમાં અડધું ઉશ્ર (વીસમો ભાગ) છે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«فِيمَا سَقَتِ السَّمَاءُ وَالعُيُونُ أَوْ كَانَ عَثَرِيًّا العُشْرُ، وَمَا سُقِيَ بِالنَّضْحِ نِصْفُ العُشْرِ»

અર્થાત્, જે પેદાશ આકાશી વરસાદ કે કુદરતી સ્રોતો વગેરે દ્વારા થાય તેમાં 'ઉશ્ર' અને જે પેદાશ કૃત્રિમ સિંચાઈ દ્વારા થાય તેમાં અડધું 'ઉશ્ર' છે. (મુત્તફિક અલયહિ) અનાજ અને ફળોની ઝકાત તેમના પાક્યા અને કાપ્યા પછી કાઢવામાં આવશે, જેમ કે અલ્લાહનો આદેશ છે :

﴿ وَءَاتُوا۟ حَقَّهُۥ يَوْمَ حَصَادِهِۦ ﴾ الأنعام: ١٤١

અનુવાદ : ''અને અલ્લાહનો હક્ક અદા કરો, જ્યારે તેની લણણી કરો.'' (સૂર: અન્આમ, આ.૧૪૧)

www.uzairfalahi.com

ઝકાત કાઢવાવાળા માટે એ જરૂરી છે કે તે સારો માલ કે વસ્તુ ઝકાતમાં કાઢે. એવું ન થાય કે સારો માલ પોતાના માટે રાખી લે અને ખરાબ માલ ઝકાતમાં કાઢે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

﴿ يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓاْ أَنفِقُواْ مِن طَيِّبَٰتِ مَا كَسَبۡتُمۡ وَمِمَّآ أَخۡرَجۡنَا لَكُم مِّنَ ٱلۡأَرۡضِۖ وَلَا تَيَمَّمُواْ ٱلۡخَبِيثَ مِنۡهُ تُنفِقُونَ وَلَسۡتُم بِـَٔاخِذِيهِ إِلَّآ أَن تُغۡمِضُواْ فِيهِۚ وَٱعۡلَمُوٓاْ أَنَّ ٱللَّهَ غَنِيٌّ حَمِيدٌ ٢٦٧ ﴾ البقرة: ٢٦٧

અનુવાદ : ''હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જે માલ તમે કમાવ્યા છે અને જે કંઈ અમે જમીનમાંથી તમારા માટે કાઢેલ છે, તેમાંથી ઉત્તમ ભાગ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો. એવું ન થાય કે તેના માર્ગમાં આપવા માટે ખરાબમાં ખરાબ વસ્તુ છાંટવાની કોશિશ કરવા લાગો, જ્યારે કે એ જ વસ્તુ જો કોઈ તમને આપે તો તમે કદાપિ તેને લેવાનું પસંદ ન કરો, સિવાય કે તેનો સ્વીકાર કરવામાં તમે જોયું-નજોયું કરી લો. તમારે જાણી લેવું જોઈએ કે અલ્લાહ નિરપેક્ષ છે અને સર્વગુણ-સંપન્ન છે.'' (સૂરઃ બકરહ, આ.૨૬૭)

ખેડૂત, પોતાની ખેતી પર આવેલ ખર્ચને, સિંચાઈના ખર્ચ ઉપરાંત, જો તેણે તે માટે કરજ લીધું છે, તો કુલ ઉપજમાંથી બાદ કરી નાખશે અને તેમાં જ આ જમીનના કરને પણ સામેલ કરી લેશે. તે પછી જે બચશે તેની ઝકાત કાઢવામાં આવશે. ઉદાહરણ રૂપે, કોઈએ પોતાના ખેતરમાં દસ ક્વિન્ટલ કપાસ પેદા કર્યું. આ દસ ક્વિન્ટલ પર કુલ ખર્ચ, સિંચાઈને છોડીને, ત્રણ ક્વિન્ટલ કપાસના વેચાણથી પ્રાપ્ત થયેલ રકમ લાગી, તો તેના માત્ર સાત ક્વિન્ટલ કપાસ પર ઝકાત આપવી પડશે. હવે જો કુદરતી રીતે સિંચિત થવાવાળી જમીન છે, તો દસમો ભાગ અને જો કૃત્રિમ રીતે સિંચિત થવાવાળી જમીન છે તો વીસમો ભાગ ઝકાત ફર્ઝ થશે.

ભાડે લીધેલ જમીનની ઉપજ પર ઝકાત ભાડે લેનારના શિરે હશે, ન કે જમીનના માલિકના શિરે, મોટાભાગના આલિમોનો આ જ મત છે.

મધની ઝકાત :

કેટલાક ફુકહા (ઈસ્લામી ધર્મશાસ્ત્રીઓ)નો મત છે કે મધ પર કોઈ ઝકાત નથી, અને અમુક ફુકહા એ વાતને માને છે કે તેમના નજીક આ અનાજ અને ફળ સમાન છે. એ રીતે કે આને પણ તોલવામાં આવે છે અને સંગ્રહ કરી શકાય છે, અને તેનું ખરીદ-વેચાણ પણ થાય છે. આમાં ઝકાતનો દર ઉશ્ર, અર્થાત્ દસમો ભાગ છે. જ્યારે કે ઈમામ શૌકાની કહે છે કે આ સંદર્ભમાં બધી હદીસો ઝઈફ (નબળી) છે. તેનાથી દલીલ કરી શકાય એમ નથી.

www.uzairfalahi.com